શ્રાવણિયો સોમવાર...- શ્રાવણ મહિનાના બીજા સોમવારે શહેરના શીવાલયોમાં વૈવિધ્યપૂર્ણ શણગાર કરાયા હતા... પાવન શ્રાવણ માસે વહેલી સવારથી ભાવિકો શીવજીનો અભિષેક કરવા પહોંચે છે... પૂજન-અર્ચન-આરતીના કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાય છે... સાથો સાથ સોમવારે શીવજીના શણગાર પણ આકર્ષક અને વિવિધતા સભર કરાય છે...

ગાંધીનગર તાલુકા પંચાયતની ૨૮મીએ સામાન્ય સભા

કારોબારી સમિતિને વિકાસ કામોની મંજૂરી સહિતની સત્તા સોંપણી તેમજ સભ્યોને રૂ. ૧૦ લાખની મર્યાદામાં વિસ્તાર વિકાસના કામો માટે ફળવાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય સભા આગામી ૨૮મી ઓગષ્ટે તાલુકા પંચાયતના સભાખંડમાં મળશે. બપોરે ૩ વાગે પંચાયતના પ્રમુખ શોભનાબેન વાઘેલાના અધ્યક્ષપદે આ બેઠક મળશે. મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં સભ્યોને તેમના વિસ્તારમાં વિકાસના કામો માટે સભ્યદીઠ રૂ. ૧૦ લાખની રકમ ફાળવવામાં આવશે. વિસ્તાર વિકાસ માટે પંચાયતધારામાં જોગવાઈ માટે સૂચવાયેલ માર્ગદર્શિકા મુજબના જ કામો સૂચવવાનો આમાં આગ્રહ કરાશે. આ બેઠકમાં વિકાસના કામોની મંજૂરી સહિતની સત્તાઓ કારોબારી સમિતિને સોંપવાને લઈ પણ ચર્ચાઓ થશે. આ બેઠક મહત્વની હોઈ બન્ને પક્ષો દ્વારા તેમની રણનીતિ તૈયાર કરી રહ્યા છે.

તાલુકામાં રૂ. ૩ કરોડ ૬૦ લાખના કામોને લઈ સભ્યોએ પણ તેમની રીતે વિવિધ બાબતો અંગે ગ્રામ્ય વિસ્તારની રજુઆતોના સંદર્ભમાં પરામર્શ માટે કામે લાગ્યા છે. આ બેઠકમાં વિસ્તૃત રીતે તંત્ર દ્વારા પણ કામો સૂચવવા અંગે સમજ આપવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. ગાંધીનગર તાલુકા પંચાયતમાં ભાજપના ૧૭ અને કોંગ્રેસના ૧૯ સભ્યો છે.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખપદ માટે કર્મઠ સંગઠ્ઠકની શોધ આરંભાઈ

પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અંગત રસ લઈ નિષ્ઠાવાન કાર્યકરની શોધ ચલાવી રહ્યા છે : જિલ્લામાંથી ઉભરેલા નામોને લઈ પ્રદેશ નેતાગીરી નારાજ : કોંગ્રેસમાં પ્રમુખપદને લઈ ઉકળતો ચરૂ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના પ્રમુખપદ માટે જિલ્લા કોંગી આગેવાનોના દિલ્હીના દોડા વધી જવા પામ્યા છે.

જિલ્લા કોંગ્રેસના પ્રમુખપદ માટે જિલ્લાની નેતાગીરી બે ભાગમાં વિભાજીત થઈ જવા પામી છે જેને પગલે મોવડીમંડળ પણ પુનઃ રચનાનો મુદ્દો ટાળી રહી છે. કોંગ્રેસનું એક જૂથ અરવિંદસિંહ સોલંકી માટે આગ્રહી બન્યું છે તો બીજુ જૂથ અરવિંદસિંહના વધતા જતા એકાધિકારવાદ સામે બાંયો ચઢાવી છે અને સર્વસંમત નેતૃત્વની પસંદગીનો આગ્રહ કરી રહેલ છે. આ બીજુ જૂથ જેણે નિષ્ક્રીય થઈ જવાની ચીમકી પણ નેતાગીરી સામે ઉચ્ચારી દીધી છે.

જિલ્લામાં કોંગ્રેસના પુનઃ સંગઠનનો મામલો પેચીદો બની જવા પામ્યો છે. પ્રદેશ નેતાગીરી દ્વારા હવે નવા યુવા ચહેરાની પસંદગી માટેની કવાયત હાથ ધરી છે અને સર્વસંમતિ નેતૃત્વ પુરૂ પાડી શકે તેના પર ભાર મુકવામાં આવશે.

એક તબક્કે પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ વિરેન્દ્રસિંહ વાઘેલાનું નામ ચર્ચામાં આવ્યુ હતુ પરંતુ તેમણે સામાજિક તેમજ અન્ય કારણોસર હમણાં જવાબદારી સ્વીકારવાનો ઈન્કાર કર્યો હોવાનું જાણવા મળેલ છે.

નવા પ્રમુખની પસંદગી ગાંધીનગર તાલુકા સિવાય થાય તેવી શક્યતાના સંકેતો મળી રહ્યા છે કારણ કે જિલ્લા પંચાયતનું પ્રમુખપદ ગાંધીનગર તાલુકાને ફાળવવામાં આવ્યુ છે. મહિલા કોંગ્રેસનું પ્રમુખપદ માણસા તાલુકાને ફાળવવામાં આવ્યુ છે. આથી હવે કલોલ કે દહેગામમાંથી કોઈ નવા ચહેરાને તક આપવામાં આવે તેવી શક્યતાઓ છે.

પ્રદેશ પ્રમુખ અમીત ચાવડાએ પણ જિલ્લાની ત્રણથી ચાર વાર મુલાકાત લીધી છે અને તેઓ પણ કર્મઠ સંગઠ્ઠકની જવાબદારી નિભાવી શકે તેવા નવા ચહેરાને શોધી રહ્યા હોવાનું મનાઈ રહ્યું છે.

જિલ્લા પંચાયતની સમિતિઓની રચનાનો મુદ્દો પણ અટવાયેલો પડ્યો છે એટલે નેતાગીરી હમણાં આ મુદ્દે કોઈ જ વિચારણા કરવા તૈયાર ન હોવાનું પણ સ્પષ્ટ થયું છે. જે નામો રજુ થયા છે તેને લઈ પ્રદેશ નેતાગીરીએ પણ નારાજગી વ્યક્ત કરી છે એટલે નવો ચહેરો અને યુવા ચહેરાની પસંદગી કરાશે તેમ મનાઈ રહ્યું છે.

બદપુરાના આવાસ યોજનાના લાભાર્થીઓ સાથે મોદી સીધી વાત કરશે

ગાંધીનગર, તા. ૨૦

આગામી ૨૩મી ઓગષ્ટના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એક દિવસના ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે તેની તૈયારીમાં તંત્ર વ્યસ્ત બન્યુ છે. મળતી વિગતો પ્રમાણે પ્રધાનમંત્રી આવાસ યોજનાનું લોકાર્પણ જે વલસાડથી કરવાના છે ત્યારે તેઓ માણસા તાલુકાના બદપુરા ગામે આ યોજનાના લાભાર્થીઓ સાથે સીધી વાત બાયસેગની મદદથી કરશે. આ માટેની તૈયારીઓ આરંભવામાં આવી છે.

આ ઉપરાંત એફ.એસ.એસ.ના પદવીદાન સમારોહમાં પણ તે હાજર રહી દીક્ષાંત પ્રવચન કરનાર હોવાની તેની પણ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આજે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે તંત્ર દ્વારા વિવિધ તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી.

કલોલ તાલુકા વિકાસ અધિકારી તરીકે મૌલિક દોંગાની નિમણુંક

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી ૩ જગ્યાઓ સામે આજે કલોલના તાલુકા વિકાસ અધિકારી તરીકે મૌલિકભાઈ દોંગાની નિમણુંક કરવામાં આવી છે.

દોંગા હાલ ગ્રામ વિકાસ કમિશ્નરની કચેરીમાં ચીટનીસ તરીકે સેવાઓ આપી રહ્યા છે.

રાજ્યના પંચાયત વિભાગે આજે ૬૫ તાલુકા વિકાસ અધિકારીઓની બદલી અને નિમણુંકના હુકમો જારી કર્યા છે.

ગુડાએ વિવિધ ટી પી સ્કીમોના રસ્તાઓ ખુલ્લા કરવા માટે અભિયાન હાથ ધર્યુ

ટી પી ના રસ્તા ખુલ્લા કરી અવરોધો દુર કરાયા બાદ માળખાગત સુવિધાના કામોને વેગ આપવામાં આવશે

ગાંધીનગર તા ૨૦

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ ટી પી સ્કીમને અનુલક્ષી રસ્તા ખુલ્લા કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. દબાણ હટાવ ઝુંબેશની સાથે ટી પી સ્કીમના રસ્તા ખુલ્લા કરવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે ટી પી સ્કીમના રસ્તાઓને ખુલ્લા કરવાની સાથે માળખાગત સુવિધાઓના કામોને પણ વેગ આપવામાં આવશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા પણ ગુડા વિસ્તારમાં દબાણો દુર કરવા માટે છેલ્લા ૧૫ દિવસથી ઝુંબેશ હાથ ધરાઈ છે. જેને અનુલક્ષી કુડાસણ કોબા અને રાયસણ , કુડાસણ વિસ્તારમાં દબાણોનો સફાયો કરવામાં આવ્યો છે. આ વિસ્તારમાં દુકાનોના શેડ ,લારી ગલ્લા અને ઓટલા તેમજ માર્જીન વિસ્તારમાં અસ્તિત્વમાં આવેલા દબાણો દુર કરાયા છે. જયારે પાકા દબાણો પર બુલડોઝર ફેરવી દેવાયુ છે. ગેરકાયદેસર રીતે તાંણી બંધાયેલી દુકાનો પણ તોડી નાંખવામાં આવી છે. જયારે હજુ પણ ગુડા દ્વારા આ દબાણ ઝુંબેશ ચાલુ છે. આગામી દિવસોમાં પણ દબાણો દુર કરવાની કામગીરી ચાલુ રહેશે. જયારે ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો હાથ ધરવા માટે પણ આયોજન કરવામાં આવી રહયુ છે. ગુડાની મંજુર ટી પી સ્કીમમાં રસ્તા ખુલ્લા કરવા માટે પણ દબાણો દુર કરી રસ્તાના અને લાઈટના કામો હાથ ધરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. અગાઉ ગુડા દ્વારા કોબા સર્કલથી રક્ષાશકિત હાઈવેને સમાંતર ટી પી સ્કીમના ૩૦ મીટરના રસ્તા ખોલવાનુ કામ પુર્ણ કરાયુ હતુ. જેના લીધે ટ્રાફિકની સમસ્યાઓનો અંત આવ્યો હતો. જયારે પી ડી પી યુ થી ગીફટ સીટીને જોડતા માર્ગને પણ ખુલ્લો કરવામાં આવ્યો છે.રાહેજા તરફના માર્ગને પણ ૮૦ મીટર ખુલ્લો કરવામાં આવ્યો હતો. આ વિવિધ ટી પી વિસ્તારના રસ્તાઓને ખુલ્લા કરી અડચણો દુર કરવામાં આવી હતી. જયારે પેથાપુરમાં પણ આ પ્રમાણે ગુડા દ્વારા કામગીરી હાથ ધરાશે ગુડા દ્વારા ખુલ્લા કરાયેલા રસ્તાઓને અનુલક્ષી માળખાગત સુવિધાઓના કામો હાથ ધરાશે. જરૂરી માળખાકીય સુવિધાઓ પુરી પાડવા માટે ગુડા દ્વારા રસ્તાઓ ખુલ્લા કરવાની કામગીરી હજુ ચાલુ રહેશે. જેના અંતે માળખાગત સુવિધાઓના કામો ઝડપથી હાથ ધરવા માટે પણ આયોજન કરવામાં આવશે.

શહેરમાં દબાણ હટાવ ઝુંબેશને અનુલક્ષી નગરના કોર્મશિયલ કોમ્પલેક્ષો પણ દબાણની અડફેટે ચઢયા છે. સેકટરોના શોપિંગમાં સ્થિત દુકાનોના શેડ અને ઓટલા સહીતના દબાણો પર બુલડોઝર ફેરવી દેવામાં આવી રહ્યુ છે. સે-૧૧ માં પણ દબાણના લીધે પાર્કીંગની સમસ્યા પેચીદી બની છે. ત્યારે સેકટરમાં સ્થિત શાલીન કોમ્પલેક્ષના વેપારીઓએ દુકાનને અનુલક્ષી ઉભા કરેલા શેડ સહીતના દબાણો સ્વેચ્છાએ દુર કરી દબાણતંત્રની કામગીરીને પ્રોત્સાહીત કરી છે.

એસ ટી ડેપોને આધુનિક બનાવાની યોજના મૃતપાય

મુસાફરો આગબબુલા : સલામત સવારીમાં સલામતીનો મુદ્દો જ રામભરોસે : ડેપો સંકુલમાં રોજબરોજ મુસાફરો પીક પોકેટીંગનો ભોગ બને છે : પાટનગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ડેપોમાં સુવિધા અને સલામતીનો ભારોભાર અભાવ

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના વિસરાઈ ગઈ છે. ગાંધીનગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થયા બાદ પણ શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપો કંગાળ ભાસી રહયુ છે. ડેપોમાં મુસાફરો માટે પુરતી સુવિધા નથી જયારે મુસાફરોની સલામતીના નામે પણ મીંડુ છે. એસ ટી ડેપો ખિસ્સા કાતરુઓના અડ્ડા સમાન બનતુ જાય છે. આમછતા ડેપોમાં પોલીસ ચોકી માટે ફાળવવામાં આવેલી જગ્યાનો પણ ઉપયોગ ન થતા પોલીસ પહેરાનો પણ અભાવ વર્તાય રહયો છે. જયારે પાટનગરનુ મુખ્ય બસ મથક જ ગામ વચાળે હોવાછતા દયનીય અને દુવિધાયુકત સ્થિતિમાં છે.

ગાંધીનગરમાં એસ ટી બસ દાયકાઓના અંતે પણ નગરજનોને સમયસર બસ અને પર્યાપ્ત બસ સેવા મળતી ન હોવાનો આક્રોશ નગરજનો ઠાલવી રહ્યા છે. એસ ટી ડેપોમાં મેન પાવરના અભાવે બસ સેવા પ્રભાવિત થઈ છે. ડ્રાઈવર કંડકટરની ઘટ છે. જેના લીધે પુરતા રૂટમાં બસ સેવા દોડાવાનુ આયોજન થઈ શકતુ નથી. જયારે ગ્રામ્ય વિસ્તારની બસોનુ સંચાલન ગાંધીનગર ડેપોમાંથી થતુ ન હોવાના લીધે ગ્રામ્ય વિસ્તારમાં બસોના રૂટ ગોઠવાતા નથી. ડેપો સંકુલમાં આવતા મુસાફરોને પણ પુરતી સુવિધા અને સલામતી મળતી નથી. ડેપો સંકુલમાં રોજબરોજ પીક પોકેટીંગ અને સોનાના દોરા ખેંચાવા સહીતના ચોરીના કિસ્સાઓ પ્રકાશમાં આવે છે. ડેપો સંકુલમાં પોલીસ ચોકી શરૂ કરવા માટે જગ્યા ફાળવી દેવામાં આવી હોવાનુ પણ સેવાના મામલે આમ નાગરિકોમાં હજુ પણ બુમો ઉઠવા પામે છે. ડેપો તંત્ર દ્વારા જણાંવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

રાજયમાં ભારેથી અતિ ભારે વરસાદની ફરીવાર ચેતવણી

મધ્ય, દક્ષિણ ગુજરાતમાં હળવા વરસાદી ઝાપટા તાપી, છોટાઉદેપુર, સુરતમાં વરસાદી માહોલ અકબંધ

અમદાવાદ, તા.૨૦

દક્ષિણ ગુજરાત, મધ્યગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા પડવાનો સિલસિલો જારી રહ્યો છે. સુરતના અનેક વિસ્તારો, છોટાઉદેપુર, તાપીના આસપાસના વિસ્તારોમાં ઉલ્લેખનીય વરસાદ થયો છે. બીજી બાજુ બંગાળની ખાડીમાં નવું લો-પ્રેશર સર્જાતા આગામી ત્રણ દિવસમાં ગુજરાત રાજયમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે, જેમાં અમદાવાદમાં પણ સારા વરસાદની આગાહી વ્યકત કરવામાં આવી હતી. હવામાન ખાતાની આગાહીને પગલે રાજયના ખેડૂતો તેમ જ નાગરિકોમાં સારા વરસાદની આશા બંધાઈ છે અને ખુશીની લાગણી ફેલાઈ છે. હવામાન વિભાગ દ્વારા આગામી ૯૬ કલાક દરમ્યાન રાજયમાં મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી કરાઈ છે. હવામાન વિભાગના સૂત્રોના મતે, બંગાળની ખાડીમાં નવું લો-પ્રેશર સર્જાયું છે, જે આગામી ૨૪ કલાકમાં વધુ મજબુત બનવાની શક્યતા છે. જેના કારણે આવતીકાલથી રાજયભરમાં વરસાદનું જોર વધી શકે છે અને તા.૨૩મી ઓગસ્ટે દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં અતિ ભારે વરસાદ પડી શકે છે.

વરસાદની આ નવી સીસ્ટમને લઈ અમદાવાદમાં ૨૩ અને ૨૪ ઓગસ્ટ દરમ્યાન હળવાથી મધ્યમ અને ભારે વરસાદ પડવાની સંભાવના છે. બંગાળની ખાડીમાં સર્જાયેલું આ લો-પ્રેશર ૪૮ કલાકમાં વિદર્ભ થઈને ગુજરાત પહોંચી શકે

જોઈએ છે

પોતાનું વ્હીકલ તથા એનરોઈડ મોબાઈલ ધરાવતા યુવક તથા યુવતીઓ Food Delivery માટે જોઈએ છે.

અભ્યાસ : ધોરણ-૧૦ પાસ

Mo. 8306310735
Mo. 7228452437

પાટીદાર સમાજ જાગો...જાગો...જાગો...

વિશ્વ ઉમિયા ધામ ફાઉન્ડેશન, વિશ્વ ઉમિયા ધામ-અમદાવાદ દ્વારા ઉઘરાવવામાં આવતા ડોનેશન બાબતે દાતાઓને ચેતવણી

આથી અમો પટેલ પ્રદિપકુમાર જયંતિલાલ રહે. એ/૧ રાજ રેસીડેન્સી, ન્યુ મણીનગર, રામોલ અમદાવાદ, (મો. ૭૫૭૫૮૨૮૨૮૩) ની પાટીદાર સમાજને નમ્ર વિનંતી છે કે,.... જાસપુર ગામની સીમમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, વિશ્વ ઉમિયાધામ અમદાવાદના નામે પાટીદાર સમાજ પાસેથી કરોડો રૂપિયાના ડોનેશન લેવા બાબતે અમારી પાટીદાર સમાજને વિનંતી છે કે, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, ઉમિયા ધામના નામે છેલ્લા થોડા સમયથી સમાચારપત્રોમાં મોટી મોટી જાહેરાતો છપાવવામાં આવે છે. અને રૂા. ૧૦૦૦ કરોડના ખર્ચે વિશ્વ ઉમિયાધામ બનાવવાની જાહેરાતો કરીને પાટીદાર સમાજના દાતાઓ પાસેથી કરોડો રૂપિયાનું ઉઘરાણું થઈ રહેલ છે. અમારી પાટીદાર સમાજને નમ્ર વિનંતી છે. કે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન વિશ્વ ઉમિયા ધામના નામે ડોનેશન ઉઘરાવતી સંસ્થા જે જેમીન ઉપર આ કહેવાતુ વિશ્વ ઉમિયાધામ બનાવવાનું છે, તે ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના કલોલ તાલુકાના મોજે ગામ : જાસપુરની સીમમાં આવેલ ખાતા નં,૩૫૫ના બ્લોક સર્વે નં ૫૬૦,૫૬૮/૬,૫૬૮/૭,૫૬૮/૫,૫૭૦,૬૦૯ ખાતા નં., ૬૨૨ બ્લોક સર્વે નં ૬૦૩ જૂની શરતની ખેતીની જમીન ઘણા દીવાની અને ફોજદારી અને રેવન્યુ તકરારો ચાલી રહી છે. અને આ જમીન એન.એ કરવામાં આવેલ છે તેની સામે અપીલ કરેલ છે. તેમજ તકરારી થયેલ છે તથા કોર્ટનો મનાઈ હુકમ પણ આવેલ છે. તેમ છતાં આ બધી હકીકતો છુપાવીને નમ્ર વિનંતી છે કે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનને દાન આપતા પહેલા આ તમામ બાબત ધ્યાને લેવી અને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન પાસેથી તે બાબતના ખુલાસા માંગવા જેથી ભવિષ્યમાં દાતાઓએને પસ્તાવાનો વારો આવે નહી.

તા. ૨૧-૦૮-૨૦૧૮
સ્થળ : ગાંધીનગર

લી.
પટેલ પ્રદિપ જયંતિલાલ મો. ૭૫૭૫૮૨૮૨૮૩

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com